# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૩/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બર અને ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશનના સંયુકત ઉપક્રમે 'લીગલ કોન્ફરન્સ' યોજાઇ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશનના સંયુકત ઉપક્રમે આજરોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે પ્લેટીનમ હોલમાં 'લીગલ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સેકન્ડ એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા સુરતની એસીબી કોર્ટના સ્પેશિયલ જજ શ્રી પી.એસ. ગઢવી ઉપસ્થિત રહયા હતા. કોન્ફરન્સમાં ગુજરાત હાઇકોર્ટના સિનિયર એડવોકેટ્સ શ્રી યતિન ઓઝાએ ''ઇકોનોમિક ઓફેન્સિસ'' અને શ્રી ધવલ દવેએ ''સ્પેસિફીક રિલીફ એકટ તથા કોન્ટ્રાકટ એકટ'' વિષય ઉપર વકતવ્ય રજૂ કરી કાયદામાં આવેલા નવા સુધારા વિશે વકીલ આલમ તેમજ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગપતિઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

આમંત્રિત મહેમાનો તેમજ નિષ્ણાત વકતાઓના હસ્તે દીપ પ્રાગટયવિધી સાથે કોન્ફરન્સની શરૂઆત કરવામાં આવી હતી. કોન્ફરન્સમાં સિનીયર એડવોકેટ કિર્તીભાઇ બનાવટવાલા અને સરકારી વકીલ શ્રી નયનભાઇ સુખડવાલા પણ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, દેશના ઘડતર માટે વકીલો અને જજના ફાળા વિશે બધા જાણીએ છીએ. ન્યાયના મંદિરના પુજારી ન્યાય કરતા હોય છે. આથી વકીલ આલમ અને ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દરેકના નોલેજ માટે આજની લીગલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત હાઇકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી યતિન ઓઝાએ જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રની ઇકોનોમી હચમચી જાય છે તથા સામાન્ય માણસને આડકતરી રીતે ભયંકર અસર થાય છે જેવી કે લોકોની રોજબરોજની જિંદગી પર અને તેમના બાળકોના શિક્ષણ પર ભયંકર અસર પડે છે એને ઇકોનોમી ઓફેન્સ કહેવાય છે. પરંતુ હવે એમાં ફેરફારો થયા છે. ટેક્ષ, કસ્ટમ્સ, સાયબર ક્રાઇમ, સ્ટોક માર્કેટ, ઈન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી અને મની લોન્ડરીગ વિગેરે બાબતોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બેન્કીગ ફ્રોડ પહેલાંથી જ ચાલતા આવ્યા છે. કંપની ફ્રોડ કરે છે, સંચાલક વિદેશ જઇ આરામથી રહે છે પણ બેંક અધિકારીને કશું થતું નથી. આથી આવા કેસોમાં બંને બાજુથી જવાબદારી ફિકસ થવી જોઇએ. કારણ કે બેંકીગ ફ્રોર્ડે દેશની કરોડરજ્જુ તોડી નાંખી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે વકીલ આલમ તથા ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના લોકો માટે વર્ષ ૨૦૧૬માં ઇન્સોલ્વન્સી અને બેંકરપ્સીનો સારો કાયદો આવ્યો છે. જેમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલને સત્તા આપવામાં આવી છે.

ગુજરાત હાઇકોર્ટના સિનિયર એડવોકેટ શ્રી ધવલ દવેએ જણાવ્યુ હતુ કે સ્પેસિફીક રિલીફ એકટ તથા કોન્ટ્રાકટ એકટ એકબીજાને સાથે લઇને ચાલવાવાળા કાયદા છે. સોલીસીટર માટે કોન્ટ્રાકટ એકટ મહત્વનો છે. પણ એનો ભંગ કેવી રીતે થાય તેનું નોલેજ વકીલને હોવું જોઇએ. માત્ર કોન્ટ્રાકટ એકટનું નોલેજ હોવુ પુરતુ નથી. આ બંને કાયદામાં ૧ ઓકટોબર ૨૦૧૮થી મહત્વનો સુધારો આવ્યો છે. આથી તેમણે એના અર્થઘટન વિશે માહિતી આપી હતી. પહેલા એવુ હતુ કે પર્ફોમન્સ વળતર ઉપરાંત વૈકલ્પીક રીતે વળતર મળતુ હતુ. પણ સુધારા મુજબ સેકશન ૨૧ મુજબ વૈકલ્પીક રીતે વળતરની માંગણી કરી શકાતી નથી. આથી હવે બંને પ્રકારમાંથી એક દાવો કરી શકાશે. હવે કોઇ દાવો કરે તો કોર્ટે કાયદાકીય તમામ જોગવાઇઓને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવાનો રહેશે. તેમણે કહયુ હતુ કે સેકશન ૧૦માં સામૂહિક બદલાવ આવ્યો છે. સુધારા મુજબ સ્પેસિફીક રિલીફ મેન્ડેટરી થઇ જાય છે. વધુમાં તેમણે સેકશન ૫૧, ૫૨ અને ૫૩ની પણ સમજણ આપી હતી.

ધી સુરત સિટી એડવોકેટ્સ એસોસિએશન સુરતના પ્રમુખ શ્રી વિપુલ જાગીરદાર, સેક્રેટરી શ્રી નિલકંઠ બારોટ, વકીલ શ્રીમતી ભદ્રા જોષી અને વકીલ તેમજ ચેમ્બરની લીગલ કમિટીના ચેરમેન શ્રી અજય મહેતાએ પ્રાસંગિક વિધી કરી હતી.

ચેમ્બરના પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો. નિષ્ણાત વકતાઓએ વકીલોના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.